# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૧

## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાની માલીકીનું ગોપાલ ટોકીઝથી પાણીયારી જતા રણજીતરાય શાસ્ત્રી ભવન બ્લોક નંબર. ૪ તથ ૫ ની ફર્સ્ટ ફલોરની દુકાન નંબર. ૪ થી ૧૪ ની જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૩૬ તારીખ.૦૧–૦૬–૨૦૧૯ શરતો નકકી કરી તેની સુ.જા.નં. ૧૨૪૦ તારીખ.૦૮–૦૭–૨૦૧૯ થી દૈનિક પેપર "નયા પડકાર" માં જાહેર ખબરથી જાહેરાત આપેલ તથા તારીખ. ૧૦–૦૭–૨૦૧૯ તથા તારીખ.૧૧–૦૭–૨૦૧૯ના રોજ સવારના ૯–૦૦ થી સાંજના ૬–૦૦ કલાક સુધી લાઉડ સ્પિકરથી સમગ્ર ખંભાત શહેરમાં હરાજીની જાહેરાત બાબતે પ્રસિધ્ધ કરેલ જેની જાહેર હરાજી તારીખ.૧૨–૦૭–૨૦૧૯ને શુક્રવારે ખંભાત નગર સેવા સદનમાં સાંજે ૬–૦૦ કલાકે હરાજી રાખવામાં આવેલ જેમાં નીચે જણાવેલ અરજદારો એ હરાજીની પ્રિમિયમની સૌથી વધુ બોલી બોલેલ છે અને તેઓની બોલી મંજુર કરવામાં આવે છે અને કોલમ નંબર. ૩ માં જણાવેલ દુકાન ફાળવવા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | નામ | દુકાન નંબર | પ્રિમિયમની રકમ લાખમાં |
|---|---|---|---|
| ૧ | ધર્મેશભાઈ ભાવીનભાઈ ખલાસી | ૯ | ૩,૬૦,૦૦૦/– |
| ૨ | ચંદ્રશેખર અમૃતભાઈ પટેલ | ૧૨ | ૩,૫૦,૦૦૦/– |

હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી દુકાનનો કબજો સોપેવો અને જે – અરજદારો ને જગ્યા ફાળવેલ નથી તેઓની હરાજી અંગે ભરેલી ડીપોઝીટની રકમ પરત આપવા ઠરાવવામાં આવે છે. આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરને સત્તા આપવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૨
## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાની માલીકીની સીટી સર્વે નંબર. ૩/૩૨૪૬ પૈકી ત્રિકોણીયા તરીકે ઓળખાતી જગ્યા અત્રેની કચેરીએ સુ.જા.નંબર. ૪૪૯૪ તારીખ. ૩૦–૦૧–૧૯૯૩ થી વેચાણ આપવા સરકારશ્રી દરખાસ્ત કરેલ તે મંજુર થતાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : નપલ/૪૫૯૩/એમ.એલ.એ/૧૨/મ/સચીવાલય,ગાંધીનગરના તારીખ.૧૫–૦૯–૧૯૯૩ ના ઠરાવથી ઉપરોકત જણાવેલ સીટી સર્વે નંબર.૩/૩૨૪૬ પૈકીની જમીન માદળા તળાવની જગ્યા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૬૫ (૨) અન્વયે વાણિજય હેતુ ફેર થઈ જવાથી તે હુકમની સાથે મંજુર કરેલ નકશા મુજબ વર્તમાન ત્રિકોણીયા તરીકે ઓળખાતી જગ્યા "શ્રી રણજીતરાય શાસ્ત્રી કોમ્પ્લેક્ષ"ની ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. ૦૧ થી ૧૧ તથા ફર્સ્ટ ફલોર દુકાન નંબર. ૧૨ થી ૨૧ દુકાનોની જાહેર હરાજીથી આપવા અંગે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૭ તારીખ.૧૬–૦૯–૨૦૧૬નો વંચાણે લઈ એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૩ તારીખ.૦૧–૦૯–૨૦૧૭ થી શરતો નકકી કરી તેની સુ.જા.નં.૧૬૫૭ તારીખ.૧૪–૦૯–૨૦૧૭ થી જાહેર નિવિદા દૈનીક પેપર "નયા પડકાર" તથા સ્થાનિક સાપ્તાહીક પેપર "માતૃભૂમિ" આમ દૈનીક અને સાપ્તાહીકમાં જાહેર ખબરથી જાહેરાત આપેલ ત્યાર બાદ તારીખ.૧૭–૯–૨૦૧૭ અને તારીખ.૧૮–૦૯–૨૦૧૭ના બપોરના ૩–૦૦ કલાક સુધી લાઉડ સ્પિકરથી સમગ્ર શહેરમાં હરાજીની જાહેરાત બાબતે પ્રસિધ્ધી કરેલ અને સદર જેની હરાજી છે તે કોમ્લેક્ષ ઉપર ૧૦ ફુટ × ૮ ફુટનું જાહેર – હરાજી અંગેનું બેનર પણ તારીખ.૧૪–૦૯–૨૦૧૭ થી જાહેર જનતા જોગ પ્રસિધ્ધી અર્થે લગાવવામાં આવેલ તેમજ જાહેર સ્થળો ઉપર પણ પ્રસિધ્ધી કરેલ આમ તારીખ.૧૮–૦૯–૨૦૧૭ હરાજી કરતાં પહેલા સાંજના ૪–૩૦ કલાક સુધીમાં ૩૭ વ્યકિતઓ એ રૂપીયા. ૫૦,૦૦૦/–અંકે રૂપીયા પચાસ હજાર પુરા રોકડા/ચેક થી ખંભાત નગરપાલિકા ઓફીસમાં જમા કરાવેલ આમ નિયત સમયમાં હરાજીની કામગીરી શરૂ કરવામાં આવેલ તે દરમ્યાન ડીપોઝીટ ભરનાર અને હરાજીમાં ભાગ લેનારા વ્યકિતઓની હાજર રહયા બદલની સહીઓ મેળવવામાં આવેલ અને હરાજીની શરતો તેની નકલ અને સ્થળ સ્થિતિનો નકશો તમામ ને આપવામાં આવેલ ત્યાર બાદ દુકાન નંબર. ૦૧ ની હરાજીની બોલી શરૂ કરવામાં આવેલ જેનું અંદાજે ક્ષેત્રફળ ૧૩૦.૦૦ ચોરસ ફુટ જેટલું છે તેની હરાજી ની બોલી બોલતાં પ્રવિણ–ભાઈ છોટાલાલ પટેલ ના ઓ એ રૂપીયા. ૨૧,૦૦,૦૦૦/–અંકે રૂપીયા એકવીસ લાખની બોલી બોલેલ આ હરાજીની બોલીની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન શહેરી વિકાસ અન

શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના અધિકારી શ્રીનો ચીફ ઓફીસરશ્રી ને ટેલીફોનીક સુચનાથી જાણ કરવામાં આવેલ કે તારીખ.૧૮–૦૯–૨૦૧૭ એટલે કે આજ રોજ રાખવામાં આવેલ દુકાનોની હરાજી પરત્વે અત્રેની કચેરીએ થી સ્ટેટસ કો નો હુકમ કરવામાં આવેલ હોઈ તે અંગેની કાર્યવાહી મુલત્વી રાખવા જણાવેલ તે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૪ તારીખ.૧૮–૦૯–૨૦૧૭ થી સદર હરાજી મુલત્વી રાખેલ ત્યાર બાદ સદર અરજી બાબતે અપીલ અધિકારી અને સંયુકત સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ – વિભાગના તારીખ.૦૪–૧૦–૨૦૧૭થી મનાઈ હુકમ ઉઠાવી લેવામાં આવેલ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૬૫(૨)માં જોગવાઈ મુજબ સરકારશ્રીની મંજુરી લેવા જણાવેલ તે બાબતે રીવીઝન અરજી નો કમિશ્નરશ્રી મ્યુનિસીપાલીટી એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરનો પત્ર નંબર. નપાનિ/લીગલ/ખંભાત ન.પા./વશી/૨૦૧૮/૧૧૪૬૪ તારીખ. ૦૫–૧૦–૨૦૧૮ના થયેલ હુકમ મુજબ અરજદારશ્રી રીવીઝન અરજી ના મંજુર કરેલ છે અને મે.કલેકટરશ્રી આણંદના તારીખ.૩૧–૦૮–૨૦૧૭ નો હુકમ કાયમ રાખવામાં આવે છે તે મુજબ હુકમ થયેલ છે. જેથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૪ તારીખ.– ૧૮–૦૯–૨૦૧૭ ની મુલત્વી રહેલી હરાજી સુ.જા.નંબર. ૧૨૪૦ તારીખ.૦૮–૦૭– ૨૦૧૯ થી દૈનિક પેપર ''નયા પડકાર''માં જાહેર ખબરથી જાહેરાત આપેલ તથા તારીખ. ૧૦–૦૭–૨૦૧૯ તથા તારીખ.૧૧–૦૭–૨૦૧૯ ના રોજ સવારના ૯–૦૦ થી સાંજના ૬–૦૦ કલાક સુધી લાઉડ સ્પિકરથી સમગ્ર ખંભાત શહેરમાં હરાજીની જાહેરાત બાબતે પ્રસિધ્ધ કરેલ જેની જાહેર હરાજી તારીખ.૧૨–૦૭–૨૦૧૯ને શુકવારે ખંભાત નગર સેવા સદનમાં સાંજે ૪–૧૫ કલાકે હરાજી રાખવામાં આવેલ જેમાં નીચે જણાવેલ અરજદારોએ હરાજી પ્રિમિયમની સૌથી વધુ બોલેલ છે અને તેઓની બોલી મંજુર કરવામાં આવે છે અને કોલમ નંબર.૩ માં જણાવેલ દુકાન ફાળવવા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | ગ્રાઉન્ડ ફલોર દુકાન રાખનારનું નામ | દુકાન નંબર | હરાજી પ્રિમીયમની રકમ |
|---|---|---|---|
| (૧) | (૧) જયાબેન સચિનભાઈ ચુનારા<br>(૨) મીનાબેન સુનીલભાઈ ચુનારા<br>(૩) અર્પિતાબેન અનીલભાઈ ચુનારા | ૧ | ૨૧૧૦૦૦૦ |
| (૨) | કાર્તિક ગુજરાતી | ૨ | ૧૬૫૦૦૦૦ |
| (૩) | અશ્વિનભાઈ નરોત્તમદાસ ખલાસી | ૩ | ૧૬૮૦૦૦૦ |
| (૪) | જીલુભા પરબતસિંહ સિંધા | ૪ | ૧૭૦૦૦૦૦ |
| (૫) | કનૈયાલાલ મોહનલાલ રાણા | ૫ | ૧૭૦૦૦૦૦ |
| (૬) | જનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ | ૬ | ૧૯૨૦૦૦૦ |
| (૭) | અનિલકુમાર વાઘજીભાઈ રાઠોડ | ૭ | ૧૯૨૦૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| (૮) | જયેશભાઈ હરીભાઈ દવે | ૮ | ૧૮૫૦૦૦૦ |
| (૯) | જનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ | ૯ | ૧૮૫૦૦૦૦ |
| (૧૦) | જનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ | ૧૦ | ૧૮૫૦૦૦૦ |
| (૧૧) | સચીનકુમાર જનકભાઈ બ્રહ્મભટ્ટ | ૧૧ | ૧૮૮૦૦૦૦ |
| અ.નં. | ફર્સ્ટ ફલોર દુકાન રાખનારનું નામ | દુકાન નંબર | હરાજી પ્રિમીયમની રકમ |
| (૧૨) | (૧) અમીતકુમાર શાંતીલાલ રાણા<br>(૨) સંદીપકુમાર શાંતીલાલ રાણા | ૧૨ | ૭૦૦૦૦૦ |
| (૧૩) | ધવલ ચંદ્રવદન સુરતી | ૧૩ | ૭૦૦૦૦૦ |
| (૧૪) | ડીમ્પલબેન રવિકુમાર રાણા | ૧૪ | ૭૦૦૦૦૦ |
| (૧૫) | મેહુલકુમાર વિનોદભાઈ પ્રજાપતી | ૧૫ | ૮૦૦૦૦૦ |
| (૧૬) | નિર્મલકુમાર મનહરલાલ રાણા | ૧૬ | ૮૧૦૦૦૦ |
| (૧૭) | હિતેશકુમાર પુનમભાઈ પટેલ | ૧૭ | ૯૦૦૦૦૦ |
| (૧૮) | શૈલષકુમાર શનાભાઈ પંચાલ | ૧૮ | ૯૦૦૦૦૦ |
| (૧૯) | રાજકુમાર એન. દાસ | ૧૯ | ૯૦૦૦૦૦ |
| (૨૦) | મહેશકુમાર રમણલાલ રાણા | ૨૦ | ૯૦૦૦૦૦ |
| (૨૧) | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | ૨૧ | ૯૦૦૦૦૦ |

વધુમાં આથી ઠરાવ કરવામાં આવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૩ તારીખ. ૦૧–૦૯–૨૦૧૭ના રોજ થયેલ ઠરાવમાં શરત નંબર.૨૨ થી વધારાની શરતો ઉમેરવા બાબતે થયેલ ઠરાવ મુજબ આ નીચે મુજબની શરતો આ ઠરાવમાં ઉમેરવામાં આવે છે.

(૧) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૩ તારીખ.૦૧–૦૯–૨૦૧૭ ની શરત નંબર (૪) માં "સદર દુકાનની માસીક લાયસન્સ ફી એક ચોરસ ફુટના રૂપીયા.૫/– અંકે રૂપીયા પાંચ પુરા આપવાની રહેશે" આ શરત રાખવામાં આવેલ છે તેના બદલે "ગ્રાઉન્ડ ફલોર દુકાનની માસીક લાયસન્સ ફી એક ચોરસ ફુટના રૂપીયા.૫/– અંકે રૂપીયા પાંચ પુરા આપવાની રહેશે" અને "ફર્સ્ટ ફલોર દુકાનની માસીક લાયસન્સ ફી એક ચોરસ ફુટના રૂપીયા. ૩/– અંકે રૂપીયા ત્રણ પુરા આપવાની રહેશે."

(૨) જે અરજદારે દુકાન રાખેલ હશે અને તે દુકાન અરજદાર કોઈપણ વ્યકિતને ૧૧ (અગીયાર) માસ કરાર આધારીત ચલાવવા માટે આપવી હશે તો જે તે લાયસન્સ દારે રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ નોટરી રૂબરૂ કરી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે અને અગીયાર (૧૧) માસ મુદત પુર્ણ થતાં ફરીથી રૂપીયા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ નોટરી રૂબરૂ કરી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે

(૩) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે.

ઉપરોકત જણાવેલ જે તે અરજદારોને હરાજીની શરતો મુજબ પ્રિમીયમની રકમ જમા કરાવેથી દુકાનનો કબજો આપવો અને તે અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ભરેલ ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૩</u>
## <u>તારીખ.૧૨–૦૭–૨૦૧૯</u>

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તક નવી શાક મારકેટમાં આવેલ ઓટલા વિભાગ ગ્રાઉન્ડ ફલોર ઓટલા નંબર. ૩૯ વાળી હાલમાં અંબાબેન ડાહયાભાઈ ચુનારા રહેવાસી. શકરપુર,પાધરીયા, તા. ખંભાત જી. આણંદના નામે ચાલે છે. તેઓનું તારીખ.૨૦–૦૭–૨૦૧૪ ના રોજ મરણ થયેલ છે. તેઓના રજુ કરેલ પેઢીનામા મુજબ તેઓના પતિશ્રી ડાહયાભાઈ મોહનભાઈ ચુનારાનું મરણ તારીખ. ૦૯–૧૦–૨૦૧૪ ના રોજ થયેલ છે તેઓના પેઢીનામા મુજબ તેઓના વારસદાર પુત્ર પ્રવિણભાઈ ડાહયાભાઈ ચુનારા એ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ કરીને સદર ઓટલા નંબર.૩૯ વારસાઈથી ટ્રાન્સફર કરવા ખંભાત નગરપાલિકામાં તારીખ.૦૪–૦૭–૨૦૧૯ ના રોજ અરજી કરેલ છે જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ની પોલીસી મુજબ નવી શાક મારકેટ ઓટલા નંબર.૩૯માં વારસાઈથી ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા.૫૦૦૦/– તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫ % (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે ઓટલા નંબર. ૩૯ માં પ્રવિણભાઈ ડાહયાભાઈ ચુનારા રહેવાસી શકરપુર, નીચલું ફળીયું, તા. ખંભાત જી. આણંદના નામે નીચેની શરતો ને આધીન વારસાઈથી ટ્રાન્સફર કરવા મંજુર.

### <u>શ ર તો</u>

(૧) સદર ઓટલાની માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર ઓટલાનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર ઓટલાનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૧૬૫/–અંકે રૂપીયા એકસો પાંસઠ</u> પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) ઓટલો ભાડે રાખનાર ઈસમ ઓટલો પેટા ભાડવાતને આપી શકશે નહી અગર તો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય ઓટલો બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે ઓટલો ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર ઓટલો રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી

તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર ઓટલાની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ(૦૯)વર્ષની મુદત માટે રહેશે અને ૦૯(નવ)વર્ષ પુર્ણ થયા પહેલા જે તે ઓટલો રાખનારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી ઓટલા નો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર ઓટલો હરાજીથી આપેલ ઓટલો નવ(૦૯)વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (૫ચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં ઓટલો ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/–તથા જે ઓટલાની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે ઓટલાની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (૫ચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી ઓટલામાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા ઓટલામાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ ઓટલામાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા ૫ડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) ઓટલાની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) ઓટલો લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી ઓટલો લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ ઓટલામાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ ઓટલામાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય ઓટલામાં રીપેરીંગ કામ, રંગકામ, સુધારો વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસદારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) ઓટલો લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ ઓટલો બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓ એ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

(૨૧) ઓટલો લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. ઓટલાનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર ઓટલાના લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર ઓટલામાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ.ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ ઓટલાને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૭૪
## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગમાં નેટ વર્કીંગ માટે સને.૨૦૧૮–૨૦૧૯માં વર્ષ દરમ્યાન તારીખ.૦૧–૦૬–૨૦૧૮ થી – ૩૧–૦૫–૨૦૧૯ સુધી જર્મની આઈ નેટવર્કસ, દેવનીપોળ, ઝંડાચોક, ખંભાત પાસેથી લાઈન લેવામાં આવેલ હતી જેની મુદત તારીખ.૩૧–૦૫–૨૦૧૯ના રોજ પુર્ણ થયેલ હોવાથી તેને હવે સને. ૨૦૧૯–૨૦૨૦ માં તારીખ.૦૧–૦૬–૨૦૧૯ થી ૩૧–૦૫–૨૦૨૦ સુધી ચાલુ રાખવા માટે વાર્ષિક રૂપીયા.૧૨,૦૦૦/– અંકે રૂપીયા બાર હજાર પુરા સી.જી.એસ.ટી.૯% તથા એસ.જી.એસ.ટી.૯% સાથે નો ખર્ચ થાય તેમ છે જેથી તેઓની પાસેની સદર કામગીરી કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૭૫
## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડ તરફથી ૧૪મા નાણાપંચની ગ્રાન્ટની ફળવાયેલ છે. સદર ગ્રાન્ટ ખંભાત શહેરની જરૂરીયાતને ધ્યાનમાં રાખી નીચે મુજબના કામો ગાઈડ લાઈન અનુસાર કરવા ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | દરીયે આર.સી.સી.ચોક થી જમણી બાજુ માટીના પાળા સુધી આર.સી.સી રીટેનીંગ વોલની કામગીરી |
| (૨) | દરીયે આર.સી.સી.રોડ પાસે રબલ પીચીંગ સહિત આર્ટીફિશીયલ પોન્ડ બનાવવાની કામગીરી |
| (૩) | દરીયે આર.સી.સી.રોડ પાસે બે રૂમો / ટોયલેટ / યુરીન બ્લોક બનાવવાનું કામ |
| (૪) | દરીયે ડંકા મંદિર પાસે સ્ટેજની આજુ બાજુ માટી પુરાણ / રબર બ્લોક / કમ્પાઉન્ડ વોલની કામગીરી |

આ બાબતે ઉપર મુજબના કામોનું આયોજન કન્સલ્ટન્ટ ટી.પી.આઈ કામગીરી નગરપાલિકા માન્ય કન્સલ્ટન્ટશ્રી ધર્મેશભાઈ એમ.પટેલ મારફતે કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે ઉપર મુજબના તમામ કામો અંગે આગળની કામો પૂર્ણ થતા સુધીની તમામ કાર્યવાહી કરવા નગરપાલિકાના પ્રમુખશ્રી, કારોબારી ચેરમેન શ્રી તથા ચીફ ઓફિસર શ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૭૬
## તારીખ. ૧૨–૦૭–૨૦૧૯

ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતાં ગૌરીવ્રતનો તહેવાર તારીખ.૧૪–૦૭–૨૦૧૯ થી તારીખ.૧૮–૦૭–૨૦૧૯ સુધી ચેરમેનશ્રી તથા સભ્યશ્રી ઓ ને બેસવા માટે તથા પીવાનાં પાણીની માદળા બાગમાં ગૌરીવ્રત નાં તહેવાર નિમિતે ૫ દિવસ વ્યવસ્થા દર વર્ષે કરવામાં આવે છે તે હિસાબે આ વર્ષે પણ વ્યવસ્થા કરવાની હોવાથી નીચે મુજબની માલ સામાન ભાડેથી મંગાવવાની જરૂરત છે.

(૧) ૧૦ નંગ પ્લાસ્ટિક ખુરશી
(૨) ૪ નંગ પીવાનાં પાણીનાં પીપ
(૩) ૧૦ નંગ સ્ટીલનાં ગ્લાસ
(૪) ૨ નંગ સ્ટીલનાં જગ
(૫) ૨ નંગ બુફે ટેબલ
(૬) છેલ્લા દિવસે ૧૦ નંગ પ્લાસ્ટિક ખુરશી
(૭) છેલ્લા દિવસે સ્ટેજ ૧૦ × ૧૦

ઉપરોકત જણાવેલ માલ–સામાન માદળાબાગમાં ગૌરીવર્તનાં તહેવાર નિમિતે દર વર્ષે ભાડેથી મંગાવવામાં આવે છે તે હિસાબે આ વર્ષે પણ સદર તહેવારની ઉજવણી નિમિતે ઉપરોકત જણાવેલ માલ–સામાન લાવવા લઈ જવાની મજુરી સાથે ગુડલક ગાદલા સેન્ટરમાંથી ૧૩૧૦/– રૂ.કિમંતે થી ગયા વર્ષે ભાડેથી મંગાવેલ જે ભાવથી આ વર્ષે ગૌરીવતનાં ૫ દિવસ માટે ઉપરોકત સામાન ગત વર્ષનાં ભાવથી ગુડલક ગાદલા સેન્ટર પાસેથી ભાડેથી મંગાવવા મંજુર કરવામાં આવે છે.તથા તેનાં તેમને રોકડ સિલક ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૭

## તારીખ. ૧૨–૦૭–૨૦૧૯

આજ રોજ તારીખ.૧૨–૦૭–૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૭ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી

સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ

સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ

સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

## ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૮

## તારીખ. ૧૨–૦૭–૨૦૧૯

આજ રોજ તારીખ.૧૨–૦૭–૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૧૫ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી વર્ષ ૨૦૧૮–૨૦૧૯ ના નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

## ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૯
## તારીખ. ૧૨–૦૭–૧૯

આગળનો રીપોર્ટ તથા ચી.ઓ.સાહેબની ભલામણ વંચાણે લેતાં ગૌરીવ્રતનો તહેવાર તારીખ.૧૪–૦૭–૧૯થી શરૂ થતો હોવાથી દર વર્ષે લાઉન્ડ સ્પીકર તથા ૨ નંગ વ્હાઈટ હેલોજન લગાવવામાં આવે છે જે તારીખ.૦૧–૦૭–૧૬થી સરકયુલર ટેન્ડર ફેરવી ભાવો મંગાવેલ જેની સમય મર્યાદામાં ત્રણ વેપારીનાં ભાવ આવેલ જેનુ સરખામણી પત્રક નીચે જણાવેલ ભાવથી કામગીરી કરાવેલ છે.

| અ.નં. | માલનું વર્ણન | મેઘના મંડપ ડેકોરેટર્સ | બી.વી.સાઉન્ડ | ક્રિષ્ના લાઈટ ડેકોરેશન |
|---|---|---|---|---|
| (૧) | લાઉન્ડ સ્પીકર ૨ પેટી, ૧–ભુગળુ, ૨–માઈક | ૧૨૦૦/– | ૧૧૦૦/– | ૯૫૦/– |
| (૨) | ૪૦૦ વોટ વ્હાઈટ હેલોજન ૧–નંગના | ૨૦૦/– | ૨૦૦/– | ૧૫૦/– |

ઉપરોકત સરખામણી પ્રત્રકમાં જોતાં અં.નં.(૩) વાળા વેપારી ક્રિષ્ના લાઈટ ડેકોરેશન ઓછા આવેલ હોવાથી જે ગયા વર્ષે એકઝી કમીટી ઠરાવ નંબર.૧૩૬/તારીખ.૧૬/૦૮/૧૮ થી ક્રિષ્ના લાઈટ ડેકોરેશન વાળા પાસે ભાડેથી બંધાવેલ હતું. જે વેપારી ગયા વર્ષે ભાવ – આપેલ તે જુના ભાવથી આ વર્ષે ગૌરીવ્રતના તહેવારમાં બાધવા જણાવેલ છે.જે આ વર્ષે તારીખ. ૧૪–૦૭–૨૦૧૯ થી તારીખ.૧૮–૦૭–૨૦૧૯ સુધી ૫ દિવસ ગૌરીવ્રતનો તહેવાર શરૂ થતો હોવાથી તેમાં લાઉન્ડ સ્પીકર તથા ૨ નંગ ૪૦૦ વોટ વ્હાઈટ હેલોજન દર વર્ષની જેમ ભાડેથી લગાવવાની જરૂર હોવાથી ૧ દિવસ લાઉન્ડ સ્પીકર સેટના ૯૫૦/– રૂ. ભાડેથી ૫ દિવસ લાઉન્ડ સ્પીકર સેટના ભાડાના ૪૭૫૦/– રૂ.ભાડેથી તથા ૨ નંગ રૂ. ભાડેથી ૫ દિવસ ૩૦૦/રૂ.૧ દિવસના ભાડેથી ૫ દિવસ ૨ નંગ ૪૦૦ વોટ વ્હાઈટ– હેલોજનના ૧૫૦૦/રૂ.ભાડેથી કુલ ૬૨૫૦/રૂ. ગત વર્ષના મંજુર થયેલ ભાવથી આ વર્ષે ક્રિષ્ના લાઈટ ડેકોરેશનવાળા પાસે ભાડેથી બંધાવવા મંજુર કરવામાં આવે છે. તથા તેનાં રોકડ સિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૮૦

## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે સામેલ રીપોર્ટની વિગત વંચાણે લેતા ખંભાત નગરપાલીકા વોટર વર્કસ વિભાગમાં સરકારશ્રી ધ્વારા શહેરની પાણી પુરવઠાના કામે વાહન ફાળવેલ તે વાહનની વિગત વાહન નંબર–જીજે ૨૩/જી ૦૪૪૪ વાહનનો વીમો તારીખ ૩૧–૦૭–૨૦૧૯ના રોજ પુર્ણ થતો હોઈ તે વીમો એક વર્ષ માટે ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડમાં રાજેશ આર શાહ બીજો માળ દેસાઈ એસ્ટેટ સ્ટેશન રોડ પેટલાદ મારફતે રીન્યુ કરાવવા માટેનો ખર્ચ રૂપીયા ૧૯,૮૭૦/– અંકે ઓગણીસ હજાર આઠસો સિત્તેર રૂપિયા પુરાનો ખર્ચ મજુંર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૮૧

## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

વોટર વર્કસ ખાતામાં આવેલા પંડયા તલાવડી વો.વ.પર ચાલતો નારેશ્વર સ્ટોરેજ માટે ૩૫ એચ.પી. ટરબાઈન મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટર ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૧ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર ટરબાઈન મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૫/તા.૦૯–૦૫–૨૦૧૮ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૨૬૫/ તા.૧૦–૦૭–૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ નંબર–૧૦/તા.૧૧/૦૭/૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ નાં મજુંર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરપંપ ના કુલ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૫/ તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૮૨</u>

## <u>તારીખ.૧૨–૦૭–૨૦૧૯</u>

વોટર વર્કસ ખાતામાં આવેલા માંદળા વો.વ.પર ચાલતો ડાયરેકટ સીટી સપ્લાય માટે ૩૫ એચ.પી. ટરબાઈન મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટર ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૧ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર ટરબાઈન મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૫/તા.૦૯–૦૫–૨૦૧૮ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૨૬૪/ તા.૧૦–૦૭–૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ નંબર–૧૧/તા.૧૧/૦૭/૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ નાં મજુંર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરપંપ ના કુલ રૂા.૨૪,૫૦૦/– અંકે રૂપિયા ચોવીસ હજાર પાંચસો પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૫/તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૮૩

## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર વો.વ.પર સંપ–૩ પર ચાલતો ટાંકી–૧ સ્ટોરેજ માટે ૬૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં ઓવરલોડના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૪ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૨૬૩/તા.૧૦–૦૭–૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી સુ.આ.નં–૦૯/તા.૧૧/૦૭/૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ ના મજુંર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.પર,૦૫૦/– અંકે રૂપિયા બાવન હજાર પંચાસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઇ રતીલાલ ખલાસી

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી

સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ

સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ

સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૮૪
## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

વોટર વર્કસ ખાતામાં આવેલા રણમુકતેશ્વર વો.વ.પર સંપ પર ચાલતો ટાંકી સ્ટોરેજ માટે ૫૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં ઓવરલોડના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૪ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૨૬૭/તા.૧૦–૦૭–૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી સુ.આ.નં–૦૮/તા.૧૧/૦૭/૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ ના મજુંર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.૪૭,૪૨૫/– અંકે રૂપિયા સુડતાલીસ હજાર ચારસો પંચ્ચીસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઇ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૮૫
## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર વો.વ.પર સંપ–૪ પર ચાલતો શહીદબાગ સ્ટોરેજ માટે ૫૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં ઓવરલોડના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૪ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૨૬૬/તા.૧૦–૦૭–૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી સુ.આ.નં–૦૭/ તા.૧૧/૦૭/૨૦૧૯ થી સને ૨૦૧૮–૧૯ ના મજુંર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.૫૫,૩૦૦/– અંકે રૂપિયા પંચાવન હજાર ત્રણસો પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઇ રતીલાલ ખલાસી

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી

સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ

સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ

સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા